की ।ि.

की ।न.

(અમદાવાદ પ્રાર્થના સમાજના ૩૪ મા વાર્ષિકોત્સવ સમયે.)

૧૯૦૫

यं शैवाः समुपासते शिवइति ब्रह्मेति वेदान्तिनो ।
बौद्धा बुद्ध इति प्रमाणपटवः कर्तेति नैयायिकाः ॥
अर्हन्नित्यथ जैनशासनरताः कर्मेति मीमांसकाः ।
सोऽयं वो विदधातु वांछितफलं त्रैलोक्यनाथो हरिः ॥ १ ॥
यं योव्हेति च मूसशासनरताः ख्रिस्तेति च क्रिश्चना
दुर्मझ्देति भजन्ति झिन्द्गिरगा यं झारदुस्ता जनाः !
अल्लावित्यथ मूर्तिभंजनपरा माहम्मेदा यावनाः
सर्वेशः करुणानिधिः स वितरत्वस्मासु सन्मंगलम् ॥ २ ॥

देवा हो जग देवा हो, पतितपावन आम्हां पावा हो टेक.
नाथा हो दीनानाथा हो, तुझिया चरणीं राहो माथा हो. देवा. १.
बंधु हो दीनबंधु हो, संत जन म्हणे कृपासिंधु हो. देवा. २.

विसरुनि क्षणभरि विषया, मन प्रभू कडे लावूं,
अनुभवुं आनंदघनासि, परम विमलासि, पुण्यराशि पावूं टेक.
ध्याउं तो महाराज ध्याउ प्रणतवत्सल,
आळवु प्रेमल प्रभु दीननाथ चिरसुखदायक.
तारक त्या साधु शरण जाउ त्या गडे गाउ; विसरुनि. १

વંદુ વિઘ્નહરા, વિભુ વરિષ્ઠ સકલ ઈષ્ટ,
સત્ય સુખ દાતા, વંદુ૰
બ્રહ્મગીત ગાઉં નિત્ય પામું મુક્તિ સન્નિહિત,
એજ અમારી પ્રણિપત તું પ્રભુ ત્રાતા. વંદુ૰ ૧.

પ્રભુપદપંકજ વંદું,
જગદીશ્વર જગવંદ્ય દયાળા,
દીનવત્સલ દીનબંધુ, પ્રભુપદપંકજ. ૧
નિર્મલ મનથી નિત્ય તમારૂં,
સ્મરણ કરી આનંદું. પ્રભુપદપંકજ. ૨.

મંગલ પદ પામું રે;
વંદુરે વંદુરે અતિશય વિનયથકીરે; મંગલ.
કરૂણામયમૂર્તિરે,
ધૃતિ દે ધૃતિ દે ગતિ દે નીતિ દે પ્રીતિ દે ભક્તિ દે.
શાખુ ઉમંગરે.
ધન્ય ધન્ય ધન્ય ધન્ય પ્રભુ ફલદાતારે. મંગલ. ૧

જાગી જો તું મનુજના બાળરે, પેલા દિવ્ય કિનારા.
ઝળકે જ્યોત્સનામય શા વિશાળરે, પેલા દિવ્ય કિનારા.
એહ કિનારે દિવ્ય વાલુકારે ધારે અદ્દભુત પ્રભાવ,
સ્પર્શતાં વાત જાય રૂઝાઇ ભવકંટકના સહુ ઘાવરે. પેલા. ૧.
દુસ્તર આ ભવસિંધુથી તરીને જાવું અતે જયાય
કઠણ ખડક ઝઝાવાતોથી બચીને નૌકા ઉતારાવી ત્યાયરે. પેલા. ૨.

लवकरीं धांव सख्या जगराया.
अति दुर्घट संकट कोण समर्थ हराया. लव०
मी बुडलों भवसागर डोहीं,
वेगीं पार तराया. लवकरी १

તારો તારો પ્રભુ તારો મનેરે તારો ત્રિભુવન નાથ
ભવસાગર માહી ભમું છુ કૃપા કરી ગ્રહો હાથ. દયાસિંધુ.

हरिप्रेमसुधारस पिये बिना,
भवसागर कित विध तरना है. ॥

क्वचिद्वीणानादः क्वचिदपिच हाहेति रुदितम्
क्वचिद्विद्वद्गोष्ठी क्वचिदपि सुरामत्तकलहः ।
क्वचिद्रामा रम्या क्वचिदपि जराजर्जरतनुः
न जाने संसारः किममृतमयः किं विषमयः ॥

कधीं सुख पारावार, कधीं होय हाहाकार;
वाहे नेत्रिं अश्रुधार, नसे कोठे जीवा थार;
जीवन यौवन धन सकल अति चचल. १
आज पुत्राआलिंगन, उद्यां त्याचें विसर्जन,
आज प्रेम सुभाषण, उद्यां विलाप रुदन,
संसार हें दुःख सदन, नष्टेचि तें शान्तिस्थान,
शांति सुख व्हावें जरीं आनदधामा चाल. २

मनवा राम मुखीं गावा,
भवसिंधु पार तराया, मनवा.
विषया साटीं तळमळ करिशी,
संसार विषसम पहावा मनवा १.

जोगी जो जंगल सेवते रंगलाल कपडे पहेनते,
इस रगमे जो गम नहिं जोगी हुवा सो क्या हुवा जीने. १
पोथी पूरानें सीखकर, करते फीरे सरदरबदर,
परब्रह्मकुं जाना नहिं बामन हुवा सो क्या हुवा. जीने २

ન જાણુ હું મંત્રો નહિં પ્રભુ હું જાણું શ્રૃતિ સ્મૃતિ,
ન જાણુ પચ્છાઓ નહિ હરિ હુ જાણું જપ વિધિ,
ન જાણું હું ગાનો નહિં વ્રત વિધાનો ન યમન,
પરન્તુ હુ જાણું શરણુ પ્રભુનું કષ્ટહરણુ. ૧
ન જાણું સાહિત્યો નહિ વિહિત છે ભેદ રસના,
ન શબ્દાલંકારો નહિ પદક્રમે કાવ્યરચના,

ન જાણું હું યોગો, નથિ કદિ કિધુ શાસ્ત્ર શ્રવણ,
પરન્તુ હું જાણું શરણ પ્રભુનું કષ્ટહરણ. ૨
ન જાણું હું તંત્રો નહિ બલિ પ્રદાનો હવનના,
ન જાણું હું સૂત્રો, નહિં અનુક્રમે મંત્ર રચના;
ન જાણું વેદાગો નહિં વિધિથી સ્વાધ્યાયયજન;
પરન્તુ હું જાણું શરણ પ્રભુનું કષ્ટહરણ ૩

પ્રેમ વિના સર્વ શુષ્ક છે પૂજન,
ભજન કીર્તન છે નિષ્ફળ. ૧
પ્રેમજળથી જો હૃદય ભરાય,
પ્રભુને મળાય નિઃસ દેહ ૨

પાતક કરીને દ્રવ્ય વિપ્રને આપે ને, ભટકે છે દેવદરશન,
માળા ઝાલીને મોટા મણકા તાણે છે, જાણે થશે પ્રભુજી પ્રસન્ન,
પણ ધણી નહીં છેતરાશેરે, મિથ્યા જપનપદાને અજ્ઞાની. ૧

माला तो मनकी भली सुरत नुरतसु मोय,
बिन हाथो निशदिन फिरे शब्द जाप ज्युं होय १
माला फेर जुग गया मिटाना मनका फेर,
करका मनका डारके मनका मनका फेर २
माला तो मनमे फिरे जभा फिरे मुख माही,
मनवा तो दश दिश फिरे वुह तो समरन नाही ३

જાણે નહિં પણ જાણ કેવરાવેને, બેસેછે ઉંચે આસન;
ઇશ્વર બની પોતે પાદ પૂજાવે, ધુતી લે છે બહુ ધન.
પાખંડી પ્રપંચીરે, ફૂલી ગયા અભિમાને. અજ્ઞાની. ૧
દેવે દેવીઓની તૃપ્તિ કરવા માટે, આપે છે હવિ બલિદાન,
દેહ ધારીને ઇષ્ટ કરી પૂજે છે, પામર જીવ નાદાન,
ભાન ભુલી જઇનેરે, મતિ અવળી તણે. અજ્ઞાની ૨
એવા પાખંડીની પાછળ ભટકી, લોક વૃથા ગુમાવે છે જન્મ,
સ્વાર્થ પરમાર્થની હાનિ કરે છે, નવ જાણે નિજ ધર્મ,

મર્મને ન પામીરે, ભૂલ્યા ભમે અજ્ઞાને. અજ્ઞાની. ૩
અનીતિને નીતિ મનાવી ને, બગાડયો જન સમુદાય;
ધર્મ ગુરૂ ખોટા ધર્મ બતાવી, વિપરીત માર્ગે જાય.
કુડા કૃત્ય કરેરે, કલ્પિત ગ્રંથને બ્હાને. અજ્ઞાની. ૪

नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।
शक्य एवं विधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥
भक्त्या त्वनन्यया शक्य अहमेवं विधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप ॥

તીર્થ યાત્રાથી પ્રભુ નવ મળશેને, મળશે ન કર્યે અપવાસ;
નાચે કુદેથી તે નવ રીઝાશે, જાશે તે મિથ્યા પ્રયાસ,
પાપ નહિ ધોવાશેરે, ગંગા યમુના સ્નાને અજ્ઞાની. ૧

गोंगा करे ससारका, जानो कूंचा बाझारका,
ओ आया तीरथ द्वारका, छापा लीया सो कया हुवा जीने १
कुत्ता हुवा धन मालका, धंधा करे जंजालका,
हिरदा हुवा चडालका, काशी गया सो क्या हुवा जीने २

लोक कहे हम कर आए जतरा ज्या देखो वहा पानी ही पथरा
काशी धुडा रामेश्वर धुंडा धुंडा अयोध्या माया मथुरा लोक. १
बदरी धुडा द्वारका धुंडा गया नही कछु मनका खतरा लोक. २
आत्मा परमात्मा दीलमे जाणे एसा नही कोइ मनका चतरा लोक ३
कहत कबीरा सूनो भाइ साधु घर घर लेने कानुमें पतरा. लोक ४

मोका कातुं ढूंढे बंदे मैतो तेरे पासमें,
ना मैं कोइ क्रिया कर्ममें ना जोग सन्यासमें टेक०
ना मैं पोथी ना मै पंडित ना काशी कैलासमें,
ना रहना मैं श्रीद्वारका ना रहता जगन्नाथमें. मोका १

ना रहता मैं रामेसरमें ना रहता बद्रिनाथमें,
ना रहता मैं जंगल सहारा मैं रहता विश्वासमें. मोका. २
कहत कबीर सुनो भाइ साधो सब श्वासो के श्वासमें,
जो खोजे तो तुरत मिलु मैं छनभरकी तलासमें. मोका. ३

नाहं बसामि वैकुंठे योगिनां हृदये नहि ।
यत्र गायन्ति मद्भक्ता तिष्ठामि तत्र नारद ॥

हरि मैंतो थकीके शरन तब आयो.
साम्य कृपा बरसा सम देखत, जगपति मों मन भायो . हरि मैं तो. १
घर घर जइपें फिरत दिवाने, कपटिनको भरमायो;
यम हाथ पर नकीरी बेरीयां, साहकको इम धायो. हरि मैं तो. २
तोर दीयो मन ओरको मानी, बहुपें शीश नमायो;
बहू धन देत न फिरके कियो जब, साक्षीने मोये समुजायो. हरि मैं तो. ३
तुम बिन कोइ कछु करीन सकत यां, श्रुतिंअ सत्य बतायो;
समज परी अब तोये न तजहूं, जीवनको फल पायो. हरि मैं तो. ४

કર્તા હર્તા ભર્તા સ્વામી છે મોટો, તેને શરણે રહી સુખી થાઓ;
લોકનિંદાનો તમે ડર ન રાખો, સત્યને સદા તમે સાહો,
લાહ્ડો લઇ આ દેહનોરે, ચઢો પુણ્ય સોપાને અજ્ઞાની ૧
સત્ય સનાતન સ્વામી છે એક, તેની સેવા કરો સર્વકાલ,
ભાઉ ભાવ સર્વ જન સાથે રાખો, જાણી એક પિતાના છે બાળ,
વાહ્લાલ વધશે પ્રભુનોરે, પોચશો પરમસ્થાને અજ્ઞાની. ૨

ये तु सर्वाणि कर्मणि मयि संन्यस्य मत्पराः ।
अनन्येनैव योगेन मां ध्यायन्त उपासते ॥
तेषामहं समुद्धर्त्ता मृत्युसंसारसागरात् ।
भवामि न चिरात्पार्थ मय्यावेशित चेतसाम् ॥

तिहारे शरण अब आयो हरि में तो तिहारे,
बोहत पुकार कीये बोहोतनको,भवजल कोइ न तरायो. हरि में तो. १
सब देवन मिली स्वारथ लीने, बहु मोये भटकायो,
पशुवत सेवा पुनी होमादिक, मोपे बहुत करायो. हरि में तो. २
इन सब कपटिनसें फिरके तव भजनमें चित लगाओ,
सचिदानंद ब्रह्म तुम मोंसे, चै यहु भेद मिटाय. हरि में तो ३

જય જય બોલો જગદીશનો તમે, મંગળ મહિમા ગાઓ;
નિર્મળ મનથી નમન કરીને, શરણુ પ્રભુને જાઓ,
પ્રસાદ તેનો પામોરે, પરમ પ્રેમામૃતપાને. અજ્ઞાની. ૧

ગાઇયે તમારૂં નામ, રચ્યું છે જેણે વિશ્વધામ,
દયાનો જ્યાં નથી વિરામ, વરસે નિયત ધારા. ગાઇયે૦
જ્યોતિ જેની ગગન ગગન, કીર્તિ વ્યાપી અતુલ ભુવન,
પ્રીતિ જેવી પુષ્પિત વન કુસુમિત રંગ સારા. ગાઇયે૦
જેનો ગુણુ પારસ રતન, પાપીજનમનતાપશમન,
પ્રસાદ જેનો પ્રણુતભક્તજનસુખદાતા; "
અંતહીન નિર્વિકાર, મહિમા પ્રભુ અપાર,
મુનિજનમનવચન થાકે તારા યશ ગુણુ ગાતા. ગાઇયે૦ ૧

ગિરિસમ તુલનાના કજ્જલોએ કરીને,
વિવિધ વિવિધ રંગો સિંધુ પાત્રે ભરીને;
તરવર તૃણુકેરી લેખનોને ધરીને,
ધરણિ સુપટ કેરા કાગળો પાથરીને; ૧.
નિશદિનનિત પ્રત્યે શારદા વિશ્વમાત,
પ્રભુગુણુમહિમાની જો લખે સર્વ વાત;
નહિ નહિ નહિ પામે પાર તારો અગાધ,
ચકિત મુહિત થૈને જોડિ રેશેજ હાથ. ૨.

आओ पुरवासी हरियश गाओ,
हरि की भक्ति बिना नहीं मुक्ति;

इस में निश्चय लाओ. १
सार पदारथ हरि की भक्ति,
जिस प्रसाद तर जाओ. २

દીનનો દયાલ છોડી, કોને શરણુ જાઉં,
માત તાત જાણુ઼ો પ્રભુ, ચરણુ પ્રતે ધાઉં;
પામિને પ્રસાદ પૂર્ણ, કૃતકૃતાર્થ થાઉં. ૧.

સદાચરણુવિના ભક્તિ વૃથા થાય,
વિના ભક્તિ સદાચરણુ ના પળાય;
પૃથક એક એકથી નહી કરાય,
ઉભય યોગવિના વ્યર્થ ક્રિયા જાય. ૧
નીતિ ભક્તિતણુા જો રહે સુયોગ,
પ્રભૂ માન્ય કરે તે વિધિ પ્રયોગ,
પૂર્ણ અંગવિના ભંગ ભક્તિ થાય,
ન્યુન સાધનાથિ ભક્તિ ના પમાય ૨

तुम मांगते हो जिनसे वो है संग बे जबान,
क्यो भूलते हो भटकते हो हुशीयार हो चलो,
यारो दयालु देवके दरबारकुं चलो

तेरी अकलसे भूलके देदार गमाया,
दुनियांमे बडा बनके चला धूल कमाया. तेरी०
हर संगोका गजो के बुतहांकुं बनाके,
हर जामे गुमराहि का तोफान जमाया. तेरी. १

न तु मां शक्यसे द्रष्टुमनेनैव स्वचक्षुषा ।
दिव्यं ददामि ते चक्षुः पश्य मे योगमैश्वरम् ॥

चिन्मयं चिद्घनं सत्यमेकं शिवं ।
विश्वनाथं परेशं पवित्रं परम् ॥
चेतनं चेतनानां जगद् व्यापिन ।
पूज्यमीशं परब्रह्मदेवं भजे ॥ १ ॥

ए की भाल वासा यदि सुख नांही,
तबे केनो मिछे भालवासी· एकी.

कपींद्रा सुखी आहेकी सद्गुण तरुवाराम; सबांधवा राम;
निज कान्ता दुष्टाने हरियली स्मरतो मंगल धाम,
कधीं तरी स्मरतो मंगल धाम· कपींद्रा· १
मन विरहाची चिता कैची अखिल लोक अभिराम,
सुमंगल अखिल लोक अभिराम कपींद्रा २

हरिबिन कौन तिहारो सहाई ॥ ध्रु० ॥
धन घरनी और संपत सगरी ।
लंपट क्यों इन्हमांही ॥ हरि० ॥ १ ॥
तन छूटे कछु संग न जाए ।
तामे क्यौ लपटाई ॥ हरि० ॥ २ ॥
दीनदयाघन सब दुखभंजन ।
ताक्यों रुचि न बढाई ॥ हरि० ॥ ३ ॥
नानक कहे असार जगतमें ।
मत उरजियो अति भाई ॥ हरि० ॥ ४ ॥

पुत्र द्रव्य घरदार, सर्व एथेचि राहणार;
न यती संगे कोणी, तुझे पाय खरे घर. शरण०

क्यों पाप समुद्र मे विवश बहे;
श्री प्रभु पद नौका कर न गहे १.

क्यौं प्रभु चरनन नहि आय पडे,
जिस्से भवसागर पार तरे २.

तूं माझी माउली, तूं माझी साउली,
पाहतों वाटुली, आइ माझे. १
तुका म्हणे जीवी, तुज पाशीं असे,
तुज विण ओस, सर्व दिशा. १

विश्वजननि माउली । जय जय विश्वजननि नाउली ॥

પ્રભુ ભક્તિમા થયા લીન તુકારામ બાવા રે,
હરિને યાચે થઇ દીન પ્રેમરસ પાવા રે. ૧.
વ્યવહારે ચિંતા ઓછી, પરમાર્થે ભારે રે,
ભોળા સાદા તેથી લોકો ઠગે વારે વારે રે. ૨
ભવસાગર તરવો મારે, ચિતમાં એ ચિંતા રે,
ગણકારે નવ લેશ માત્ર લોકની નિન્દા રે ૩.
કહાનોબા ભાઇ કહ્યુ તેણે, ખત પત્ર ઝાઝા રે,
ઉઘરાણી એ સાથે ચાલો લોકે રૂહે માઝા રે, ૪.
તુકોબા કહે ભાઇ, એ છે કાગળના ઘોડા રે,
ભાગે જયા ભવસાગરે આવે લાભ કેરા હોડા રે. ૫.
દુરાશા કેરૂ મૂળ એમા ભર્યા ખરાં ખોટાં રે,
એને ઇંદ્રાયણી માહે નાખો, જાય પાપ હેઠા રે, ૬.
કહાનોબા કહે ' તમે વેરાગી, સનતિનું શું થાશેરે ?
ધન દ્રવ્યનો નાશ કરો તો, કુટુબ શુ ખાશે રે ? ૭.

સાખી.

ખતમાથી વ્હેચી દિધા, કહાનોબાને અર્ધ;
અરધા નિજ નદીને દિધાં, ટાળ્યુ સહુ દિલ દર્દ. ૮.

જાતે ખુવા કણબી હતા, નહિં શાસ્ત્ર તે શીખ્યા હતા,
શ્રદ્ધા અને સદ્દભક્તિથી હરિ તેમણે પ્રીછયા હતા;
ભક્તિરસે ભીનુ હૃદય બળ પામિયુ કવિતાતણુ,
આશ્ચર્ય લોકો પામિયા જોઇ ખરૂ સાધુંપણુ ૯.

૧૬૯૨

નિત્યે કથા બૂવા કરે ગાતા ભજન ઉલ્લાસથી,
આવે શ્રવણુ સારૂ ઘણુા લોકો નજિક ને દૂરથી;
ઇર્ષ્યા થકી દ્વેષી થયા બહુ બ્રાહ્મણો ને શાસ્ત્રિયો,
સંન્યાસિયો ને પડિતો અતિ ક્રોધ સહુને આવિયો. ૧૦.
છે જ્ઞાતિનો જે શૂદ્રને જે જ્ઞાનથી વળિ શૂન્ય છે,
ઉપદેશ દેવા યોગ્ય તે ? ને શું રચે વળિ ગ્રન્થ તે !
અધિકાર એને કયાંથિ છે ! પાખડિ એ પ્રગટયો મહા,
નક્કી બગાડે ધર્મને, ના જોઈએ એ ગામમાં, ૧૧.
એવાં વચન બહુ નીકળ્યાં, પીડા બુવા પામ્યા અતિ,
યાત્રા સમે બહુ મારિયા, ને બ્હાર મૂકયા જ્ઞાતિથિ;
ભક્તિ ભર્યા સહુ કાવ્યગ્રન્થો પાણિમાં ડુબાવિયા,
હાકેમ ને અધિકારિયે વળિ સ્વામિને ધમકાવિયા ૧૨.
વેઠયુ બધું એ દુઃખ તોપણુ ભક્તિથી તે ના ચળ્યા,
ના ક્રોધ ચિત્તે લાવિયાના વેર લેવા સચર્યા,
આજ્ઞા મુને હરિકેરિ, ' રસપાન કર તું પ્રેમનું,
ભવસાગરે તરિ જઇશ તું "—ને એજ સહુને વીનવું. ૧૩.

તુકોબાનાં સુણી એવા વચનો ક્ષાન્તિથી ભર્યાં
લજ્જા પામ્યા સહૂ વૈરી આવિને ચરણે ઢળ્યા ૧૪.

સુણી કીર્તિ સ્વામીતણી જે ગવાઇ, શિવાજી મહારાજ પામ્યા નવાઇ,
ઘણાં મોકલ્યા વાહનો ને સવારો, કહાવ્યુ મુલાકાત માટે પધારો, ૧૫

પાછાં વાળ્યાં તુંકાબાએ, અને ઉત્તર મોકલ્યો,
' રાજદ્વારે નહિ આવુ, હરિદ્વારે રહુ વસ્યો. ' ૧૬.
છત્રપતિ મહારાજ પામ્યા આશ્ચર્ય એ થકી,
જાતે ગયા બુવા પાસે અષ્ટપ્રધાનને લઇ. ૧૭.
દ્રવ્યરત્ન મહામૂલ્ય ભેટ મૂકયા શિવાજીએ,
લીધાં નહી તુકારામે, ને વદ્યા મૃદુ વાણિએ. ૧૮.

' મુજ દ્રવ્ય હરિ મુજ રત્ન હરિ, હરિ ખોળુ સદા બહુ યત્ન કરી;
હરિ પ્રેમ સુધા રસ પાન વિના. તરવો શિરિતે ભવસાગર આ ? ' ૧૯.

તારવા તમે પ્રભુ સમર્થ છો, જેવો છું, તેવો; તારવા૦
અવગુણ દોષો અપાર નાથ અમારા,
દયા કરી તારો તો તારવા સમર્થ છો. તારવા. ૧
યોગ્યતા નથી તથાપિ આશ રાખુ છુ તમારી,
દીન જાણિ પાળો તો પાળવા સમર્થ છો. તારવા. ૨
કરૂણાનિધાન નામ નાથ છે તમારૂં માટે,
પાપ તાપ કાપો તો કાપવા સમર્થ છો. તારવા. ૩
મુક્તિ પદ માગવાની હામ કેમ ચાલે મારી,
કૃપા કરી આપો તો આપવા સમર્થ છો. તારવા. ૪

કૃપાલુ પ્રભુ તારો મ્હારા નાથ
મ્હારા દીનદયાલા તાત, મ્હારા મગલમય મહારાજ કૃપાલુ પ્રભુ (કૃ)
પાપતરંગે જાઉ વહ્યો હું ભવસાગરમા અગાધ;
તુજ વિણ અન્ય નથી કોઈ તારક, સાહો મ્હારો હાથ કૃપાલુ પ્રભુ. ૧.
કટકમય જગજાલ વિશે હુ ફસિયો છું તુજ દાસ,
મુક્ત થવા તુજ આશા ધારૂ નવ કરશોરે નિરાશ. કૃપાલુ પ્રભુ. ૨
દગ્ધ કરે છે મુજ આત્માને સંસારાગ્નિ કરાલ,
એ અગ્નિ શમવા વરસાવો પ્રભુ કરૂણાજલધાર. કૃપાલુ પ્રભુ ૩
ભ ગરથી પાર તરીને, છોડાવી જગજાલ,
સસારાગ્નિ શમાવી કૃપાથી અકે લ્યો નિજ બાલ. કૃપાલુ પ્રભુ. ૪.

નાથ તારે ચરણ શરણ સર્વ જાય, શુભ મહિમા ગુણ ગાય,
તું વિશ્વકર્તા તું વિશ્વભર્તા, પૂર્ણ કૃપાઓ જણાય,
પ્રેમ થકી તારી ભક્તિ કરે તેના અર્થ સફલ સર્વ થાય નાથ ૧
અદ્દભુત શક્તિ દિસે પ્રભુ તારી, અકલ કલા ન કળાય,
નાથ પ્રભુ તારી કરૂણા થકી સર્વ વિશ્વમાં મગલ થાય નાથ ૨
આદિ નથી જેનો અત નથી જેનુ માપ કદી ન મપાય,
એક અખડ અમૂર્ત પ્રભુ સર્વ વેદ શાસ્ત્રમા ગવાય. નાથ ૩
સકટ સમય સદા ચડી વારે પ્રભુ રહે સર્વ સહાય,
બાલક દીન અજ્ઞાન જાણિ તું હાથ અમારો સાહાય નાથ. ૪.
મગલ ભાવ પ્રભુ તારો દીસે, દર્શન દે જગરાય,
માત પિતા અમે પ્રણમિ પ્રેમથી લાગિયે પ્રભુ તને પાય નાથ. ૫.

અમદાવાદની પ્રાર્થના સમાજે "નિર્મળ" પ્રીટીગ પ્રેસમા છપાવી પ્રસિદ્ધ કર્યું
સને ૧૯૦૫